# *સીધા અનુદાન*

સામુદાયિક જૂથો અને સ્વૈચ્છિક સંસ્થાઓ માટે સીધા અનુદાન ઉપલબ્ધ છે. સીધા અનુદાનો એવી નવી પ્રવૃત્તિઓને ટેકો આપી શકે છે જેનાથી *આર્થિક પુનર્જન્મને* ટેકો મળશે, *સામુદાયિક ભેદભાવનો સામનો કરાશે અથવા સ્થાનિક નેટવર્કિંગને સહયોગ મળશે.* હાલમાં £15,000 સુધીના અનુદાન ઉપલબ્ધ છે. અનુદાનને સપ્ટેમ્બર 2004 ના અંત સુધી ખર્ચ કરવું જરૂરી છે.

સીધા અનુદાન કાર્યક્રમને સ્કૉટિશ યૂરોપિયન સોશ્યલ ફંડ ઓબ્જેકટિવ 3 પ્રોગ્રામ, કમ્યૂનિટીઝ સ્કૉટલેન્ડ અને સ્કૉટિશ એન્ટરપ્રાઈઝ નેટવર્કથી ભંડોળ મળે છે.

અરજી આપવા વાળી સંસ્થાઓ ઓબ્જેકટિવ 3 ક્ષેત્રમાં સ્થિત હોવી જોઈએ. કમનસીબે, આ કાર્યક્રમ હાઈલેન્ડઝ અને આઈલેન્ડઝમાં ચાલુ નથી. સહયોગ માટે યોગ્ય થવા માટે, તમારી સંસ્થાને અનુદાનનાં રૂપમાં પાછલા 3 વર્ષોમાં £75,000 થી વધારેની રકમ (કોઈ પણ સ્રોતથી) નહીં મળી હોવી જોઈએ.

અમે વધતી સામુદાયિક ભાગીદારી, કેળવણીઓ અને ક્ષમતાઓમાં સુધાર, કોઈ સામુદાયિક યોજના અથવા સહકારી સંસ્થા અથવા ભેદભાવ અનુભવતા જૂથો અથવા વ્યક્તિઓ માટે અને નાણાંકીય સહાયતા આપી શકશું. પણ અમે મૂડીરોકાણ થતત માલની ખરીદ અથવા સંબંધી કાર્યો માટે સહાય આપી શકશું નહીં.

અરજી માટે ફોર્મ SCVO ની વેબસાઈટ [www.scvo.org.uk/direct_grants] અથવા SCVO ના કાર્યાલય 38 Queen Street, Glasgow, G1 3DX થી મળી શકશે. તમને અરજી માટે ફોર્મ તમારી સ્થાનિક સીવીએસ (કાઉન્સિલ ફોર વોલન્ટરી સર્વિસ) થી પણ મળી શકશે. અરજી ભરવા માટે સલાહ અને સહયોગ માટે તમને ભલામણ કરવામાં આવે છે કે તમારે સૌથી પહેલાં તમારી સ્થાનિક સીવીએસથી સંપર્ક સાધવો જોઈએ.

સીધા અનુદાનો માટે વધારે જાણકારી આપવા માટે અને યોગ્યતા જેવા મુદ્દાઓ અને અમારા ઉદ્દેશ્યોની માહિતી આપવા SCVO ના કર્મચારીઓ અને અમારા સ્થાનિક કોન્ટ્રેકટરો એક વિસ્તૃત કાર્યક્રમમાં જૂથો અને સંસ્થાઓથી મુલાકાત લેશે. સંભવિત જનતાને ધ્યાનમાં રાખતા આ મુલાકાતો ગોઠવી શકાય છે. જો જરૂરત પડી તો SCVO ધ્યાન રાખશે કે આવી મુલાકાતો માટે ભાષાંતરકર્તા અને દુભાષિયાની સેવાઓ ઉપલબ્ધ રહેશે.

સીધા અનુદાનો કાર્યક્રમ પર પ્રેસેન્ટેશન માટે અથવા ડેવલપમેન્ટ ઓફિસરથી મળવા માટેની વિનંતીઓ માટે આ સરનામાં પર SCVO, 38 Queen Street, Glasgow G1 3DX (ફોન 0141 225 8010) સંપર્ક કરશો.